# હવામાં ગોળીબાર

**જરૂરી સામગ્રી**

૧) મીણબતી
૨) બાકસ
૩) આંખે બાંધવા માટે કાળો પાટો
૪) એક મોટું ટેબલ

**કેટલા લોકો રમી શકે?**

- બે કે તેથી વધુ

**કેવી રીતે રમાય?**



એડમીને સૌપ્રથમ સ્પર્ધકને સમજાવવું કે એક મીનીટ ના સમયગાળામાં ટેબલ પર રહેલ મીણબત્તી ફૂંક મારી ઠારવાની છે, શરત એ કે જે સ્પર્ધકનો વારો આવે ત્યારે તેની આંખોપર કાળો પટ્ટો બાંધવામાં આવશે અને મીણબત્તી ટેબલ પર ગમે ત્યા મુકવામાં આવશે. મજા તો ત્યારે આવશે કે સ્પર્ધક ટેબલપર ખાલી જગ્યા પર ફૂંક મારશે. હવે જે સ્પર્ધક ઓછામાં ઓછા સમયમાં મીણબતી ઠારી દે તે સ્પર્ધક વિજેતા જાહેર થશે અને ઈનામને પાત્ર થશે.